# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૧ તા.૨૯-૮-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- તા.૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન સમગ્ર રાજ્યમાં જ્ઞાનસપ્તાહની ઉજવણી કરવા બાબત.**

**સંદર્ભ :- ૧.ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૪૧૪/૨૧૧૮/ક તા.૧૩-૮-૧૪**
**૨.પ્રા.શિ.નિયામકશ્રીની કચેરીનાં ક્રમાંક :પ્રાશિનિ/છ-૨/જ્ઞાનસપ્તાહ/૨૦૧૬/૩૪૧૮-૩૫૦૮ તા.૨૩-૮-૧૬**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સ્વચ્છતા, સમૃદ્ધિ, સ્વ-શિક્ષણ, સમુલ્લાસ અને નિવૃત્ત પામેલ શિક્ષકોના સન્માન માટે દર વર્ષે તા.૧ થી ૫ સપ્ટેમ્બર દરમ્યાન જ્ઞાન સપ્તાહ ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે.તેથી નીચે મુજબના કાર્યક્રમો સૂચના મુજબ હાથ ધરવાના રહેશે.

૧. **તા.૩૦ અને તા.૩૧ ઓગષ્ટ :** આ બે દિવસ દરમ્યાન શાળા સંકુલની આસપાસના વિસ્તાર, ચાલીઓ, પોકેટ એરિયા, વોર્ડની સફાઈ માટે નજીકના મસ્ટર સ્ટેશને જાણ કરી તેમની મદદથી સફાઈનું આયોજન કરવું.તેમાં એસ.એમ.સી.ના સભ્ય અને શાળા સ્ટાફે જોડાવવાનું રહેશે.

૨. **૧ લી સપ્ટેમ્બર (સ્વચ્છતા) :** આ દિવસે શાળાના સંકુલની સામૂહિક સફાઈ, પ્રાથમિક શાળાના સુશોભન કાર્યક્રમ, વર્ગ સુશોભન હરીફાઈ, વિજ્ઞાન પ્રયોગ, ચાર્ટ, કાગળ કટીંગ પ્રવૃત્તિ, માટીકામ, વર્ગસફાઈ, રંગોળી-શ્રેષ્ઠ વર્ગ, ગુજરાતી-અંગ્રેજી સુલેખન, બાલ-વાર્તા, આદર્શ વાંચન, દાખલા ગણન, ઘડીયા-ગાન, અને સામાન્ય જ્ઞાન ક્વીઝ જેવી સ્પર્ધાઓના કાર્યક્રમો કરવાના રહેશે.

૩. **૨ જી સપ્ટેમ્બર**

(૧)**સમૃદ્ધિ :** આ દિવસે શાળાઓમાં સમૂહ વાંચન, વિદ્યાર્થીઓ દ્વારા વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્ય વાંચન, ચેસ, કેરમ, યોગાસન, દેશભક્તિના ગીતો, મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને અન્ય મહાનુભાવો વિશેનું વાંચન વિગેરે બાબતોનું આયોજન કરવાનું રહેશે.

(૨)**સમુલ્લાસઃ** આ દિવસે પ્રભાત ફેરીનું આયોજન કરવું. જેમા 'વ્યસન મુક્તિ' અભિયાનનો સમાવેશ કરવો. આ દિવસે શાળામાં, વૃક્ષારોપણના કાર્યક્રમ કરવા, શાળામાં વેશભુષા હરીફાઈ , દેશભક્તિના સમૂહ ગીત, એક પાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધા, વગેરેનું આયોજન કરવાનું રહેશે.

૪. **૩ જી સપ્ટેમ્બર**

(૧)**સ્વ-શિક્ષણ :** શાળાનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવાનું રહેશે તેમજ શાળાઓનું શૈક્ષણિક કાર્ય શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે તેવું આયોજન ગોઠવવાનું રહેશે. વિવિધ વિષયોના શિક્ષણ કાર્ય માટે શાળાના મુખ્ય શિક્ષક/શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓને ૩-૪ દિવસ અગાઉથી તાલીમ આપીને પૂર્વ તૈયારી કરાવવી. આમ, આ દિવસે શાળાનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ મારફત થાય તેવું આયોજન કરવું. આ દિવસે સારા શિક્ષકો તરફથી ડાયટ અને યુઆરસીભવનનોમાં અન્ય શિક્ષકો માટે તાલીમ વર્ગ યોજવામાં આવશે.

(૨)**સન્માનઃ** શિક્ષક સન્માન દિવસે ઋણાનુબંધ કાર્યક્રમ અન્વયે નિવૃત્ત શિક્ષકોને શાળામાં નિમંત્રણ આપીને શાળાના શિક્ષકો, વાલીઓ, સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC)ના અધ્યક્ષ અને સભ્યોની હાજરીમાં શાળાના શિક્ષકો અને નિવૃત્ત શિક્ષકોની ગુરૂ વંદનાના કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. સાથે દેશભક્તિના ગીતોનું ગાન પણ કરાવવાનું રહેશે.આ દિવસના કાર્યક્રમમાં ૧ થી ૫ મી સપ્ટેમ્બર દરમ્યાન વિદ્યાર્થીઓ માટે યોજાયેલ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઈનામોનું વિતરણ કરવાનું રહેશે.

ઉપરોકત ક્રમ-૪ (ચાર) મુજબ ૩ જી સપ્ટેમ્બર સ્વ-શિક્ષણ દિનના રોજ મોક-મોડલ ટીચીંગનો કાર્યક્રમ કરવાનો રહેશે એટલે કે શિક્ષકો દ્વારા શાળાના અન્ય શિક્ષકોને વિવિધ વિષયો ઉપર શૈક્ષણિક માર્ગદર્શન આપે તેવા પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. આ કાર્યક્રમમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યોને જોડાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. જ્ઞાનસપ્તાહ કાર્યક્રમ પૂર્ણ થયા પછી સમગ્ર સપ્તાહનો ફોટોગ્રાફ સહિતનો અહેવાલ દિન-૩માં સુપરવાઈઝરશ્રીને મોકલી આપવાનો રહેશે.

તા.૨૯-૮-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી